લીલાપોર ગામના બ્રિજની દુર્દશા, મોટો ખાડો પડતા વાહનવ્યવહાર ઠપ

લીલાપોરનો બ્રિજ વરસાદમાં ધોવાયો

૮૦ ટકા તૈયાર નવો બ્રિજ કસ્ટમ વિભાગની મંજૂરીના અભાવે અટવાયો

લાંબો ચક્કર મારવા મજબૂર બનેલા સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ અને તાત્કાલિક રાહતની માંગ

વલસાડ : વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદની અસર હવે માર્ગ વ્યવસ્થા પર પણ જોવા મળી રહી છે. લીલાપોર ગામનો જૂનો બ્રિજ ભારે વરસાદના પાણીના ધસારા વચ્ચે ધોવાઈ જતાં તેના પર મોટો ખાડો પડી ગયો છે. જેના કારણે ટુ-વ્હીલર વાહનોનું પણ આવાગમન સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે. હાલ તો પગપાળા પસાર થનારા લોકોને પણ જીવના જોખમે બ્રિજ પાર કરવો પડી રહ્યો છે.

આ બ્રિજ લીલાપોર સહિત આસપાસના અનેક ગામોને વલસાડ શહેર સાથે સીધો જોડતો મહત્વનો માર્ગ હોવાથી તેના બંધ થતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વિદ્યાર્થીઓ, નોકરીયાતો તેમજ રોજિંદા કામકાજ માટે વલસાડ આવતા લોકોને લાંબો ચક્કર મારીને જવું પડી રહ્યું છે.

સ્થાનિકોમાં વધુ રોષ એ બાબતે છે કે, જૂના બ્રિજની બાજુમાં નવો બ્રિજ આશરે 80 ટકા જેટલો તૈયાર થઈ ગયો હોવા છતાં હજુ સુધી શરૂ થઈ શક્યો નથી. મળતી માહિતી મુજબ બ્રિજના માર્ગમાં આવતી કસ્ટમ ઓફિસને સ્થાનાંતરિત કરવાની મંજૂરી ન મળતાં કામ અટકી પડ્યું છે. કસ્ટમ વિભાગની પૂર્વ મંજૂરી વિના જ બ્રિજનું કામ આગળ વધારવામાં આવ્યું હોવાનું પણ સામે આવી રહ્યું છે.

જાહેરમાં એવી પણ ચર્ચા છે કે, જાહેર બાંધકામ વિભાગ (PWD) અને કસ્ટમ વિભાગ વચ્ચે યોગ્ય તાલમેલના અભાવે બ્રિજનું કામ અધવચ્ચે અટકી ગયું છે. પરિણામે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલો બ્રિજ ઉપયોગમાં આવી શક્યો નથી અને બીજી તરફ જૂનો બ્રિજ વરસાદમાં ધોવાઈ જતાં સમગ્ર વિસ્તારના લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

બ્રિજ પરથી પસાર થવું અત્યંત જોખમી

સ્થાનિકોએ તાત્કાલિક વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવા તેમજ કસ્ટમ વિભાગ સાથે સંકલન સાધી નવા બ્રિજનું કામ ઝડપથી પૂર્ણ કરીને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાની માંગ ઉઠાવી છે. ભારે વરસાદની સ્થિતિ વચ્ચે હાલ જૂના બ્રિજ પરથી પસાર થવું પણ અત્યંત જોખમી બન્યું હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર યોગ્ય પગલાં ભરે તેવી લોકમાગ ઉઠી છે.

અંબાચમાં ચૂલો સળગાવતી વખતે કેરોસીનથી આગ લાગતા મહિલાનું મોત

પારડી : પારડી તાલુકાના અંબાચ ગામે ચૂલામાં પાણી ગરમ કરતી વેળાએ આગ ભભૂકતાં ગંભીર રીતે દાઝેઈ મહિલાનું મોત નિપજ્યુ હતુ. અંબાચ ગામે નાની નાયકવાડમાં રહેતા ૫૫ વર્ષીય ભાદીબેન પ્રેમાભાઈ નાયકા ઘરના વાડામાં ચૂલા પર પાણી ગરમ કરી રહ્યા હતા. ચોમાસાના કારણે લાકડાં ભીના હોવાથી ચૂલો ન સળગતા તેમણે બોટલમાંથી કેરોસીન નાખ્યું હતું, જેનાથી અચાનક આગ ભડકી ઊઠી હતી અને તેમના કપડાં લપેટમાં આવી ગયા હતા. બૂમાબૂમ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કંતાનથી આગ ઓલવી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા ભાદીબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન ૩ ઓગસ્ટના રોજ સવારે તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પતિએ પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વલસાડ જિલ્લામાં દારૂના ગુનાઓમાં સંડોવાયેલો માથાભારે ઇસમ તડીપાર

વલસાડ : વલસાડ જિલ્લામાં અસામાજિક તત્વો સામે વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચે વધુ એક કાર્યવાહી કરી છે. પ્રોહિબિશનના અનેક ગુનાઓમાં સંડોવાયેલા રિતેશભાઈ ભરતભાઈ દેસાઈ (રહે. નાની ખત્રીવાડ, અંકુર એપાર્ટમેન્ટ, વલસાડ)ને વલસાડ જિલ્લાની હદમાંથી એક વર્ષ માટે તડીપાર કરવામાં આવ્યો છે. સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ (IPS) તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS)ના માર્ગદર્શન હેઠળ એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર એ. યુ. રોઝ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ હતી. આરોપી સામે નોંધાયેલા પ્રોહિબિશનના ગુનાઓના આધારે તડીપારની દરખાસ્ત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, વલસાડ સમક્ષ રજૂ કરવામાં આવતા મેજિસ્ટ્રેટે આરોપીને એક વર્ષ માટે વલસાડ જિલ્લાની હદમાંથી તડીપાર કરવાનો હુકમ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી સામે વર્ષ 2018થી 2026 દરમિયાન પારડી, વલસાડ રૂરલ, વલસાડ સિટી, ગણદેવી અને ચીખલી પોલીસ મથકોમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ કુલ સાત ગુનાઓ નોંધાયેલા છે. આ સમગ્ર કાર્યવાહી એલસીબીના એએસઆઈ વિજય શાલિગ્રામભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ ભાવિક પ્રભુભાઈએ પોલીસ ઇન્સ્પેક્ટર એ. યુ. રોઝના માર્ગદર્શન હેઠળ હાથ ધરી હતી.

ચીખલીના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ધારાસભ્યની ટીમ દ્વારા રાહત સામગ્રીનું વિતરણ

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીના પૂરગ્રસ્ત વિસ્તારોમાં ધારાસભ્ય અનંત પટેલ અને સેવાદળની ટીમ દ્વારા રાશન તથા રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ભારે વરસાદના કારણે ચીખલી તાલુકાના ગોડથલ ગામના રેન્જર ફળિયામાંથી પસાર થતી ખરેરા નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. નદીના પાણી કાચા મકાનોમાં ફરી વળતાં લોકોના ઘરવખરીના સમાન તથા અનાજને મોટું નુકસાન પહોંચ્યું હતું. આ પૂરપીડિત કુંટુબોને મદદરૂપ થવાના આશયથી સેવાદળના વિનીત કંબોજ અને ધારાસભ્ય અનંત પટેલે સ્થળ પર પહોંચી અસરગ્રસ્તોને રાહત કીટનું વિતરણ કર્યું હતું. જેમાં અનાજ, કઠોળ, તેલ, ખાંડ, ચા, મરચું, કાંદા, બટાકા, બ્લેન્કેટ અને તાડપત્રી સહિતની જીવનજરૂરી વસ્તુઓ પહોંચાડવામાં આવતાં પૂરગ્રસ્તોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ રાહત વિતરણ કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો જગદીશભાઈ, બીપીનભાઈ તથા ગામના સરપંચ બાબુભાઇ ઉપસ્થિત રહ્યા હતા.

બીલીમોરાના કિન્નર સમાજે ઉંડાચના પૂરપીડિતોને ૭૦ થી વધુ રાશન કિટો આપી

કરણ બારીયા

બીલીમોરા : ગણદેવી તાલુકામાં ગત સપ્તાહે પડેલા અતિભારે વરસાદને કારણે સદીનું સૌથી ભયાવહ અને વિનાશક પૂર આવ્યું હતું. ઘરોમાં પાણી ભરાઈ જવાને કારણે અનેક પરિવારો બેઘર બન્યા હતા અને ખાવા-પીવાની ચીજવસ્તુઓની ભારે અછત સર્જાઈ હતી. આવી કુદરતી આપદા અને મુશ્કેલીની ઘડીમાં બીલીમોરા વિસ્તારના કિન્નર સમાજે આગળ આવીને માનવતાની મિસાલ કાયમ કરી છે. પૂર પીડિત પરિવારોની આંતરડી ઠારવા માટે ગુરુજી સુમન કુંવરના આશીર્વાદ સાથે વૈશાલી કુંવર (વિશુ માસી) તથા તેમના સાથીઓએ ઉડાચ ગામે મદદનો હાથ લંબાવ્યો હતો. ઉડાચ ગામના રાઘવ ફળીયા અને વાસણીયા ફળીયાના પૂરપીડિત પરિવારોને ૭૦ જેટલી રાશન કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં લોટ, ચોખા, દાળ, તેલ, સાબુ અને વિવિધ મસાલા જેવી ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી. ઉડાચ ગામના રાઘવ ફળીયા અને વાસણીયા ફળીયાના રહીશોએ આ માનવીય સહાય બદલ વૈશાલી કુંવર (વિશુ માસી) અને સમગ્ર કિન્નર સમાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ડાંગ જિલ્લા ભાજપાનાં પૂર્વ પ્રમુખ બાબુરાવ ચોર્યાનું અવસાન

સાપુતારા : ડાંગ ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તેમજ ભાજપના વરિષ્ઠ નેતા બાબુરાવભાઈ ઝેડ. ચોર્યાનું આજરોજ લાંબી માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે. તેમના અવસાનથી ડાંગ જિલ્લા ભાજપા પરિવાર સહિત રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં શોકની લાગણી વ્યાપી છે. બાબુરાવભાઈ ચોર્યા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપરાંત દક્ષિણ ગુજરાત એસટી નિગમના ડિરેક્ટર અને આદિજાતિ વિકાસ કોર્પોરેશનના ડિરેક્ટર તરીકે પણ નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેમના નિધનથી ડાંગ જિલ્લાએ એક અનુભવી, સમર્પિત અને લોકપ્રિય જનપ્રતિનિધિ ગુમાવ્યો હોવાનું ભાજપના આગેવાનો અને કાર્યકરોએ જણાવ્યું છે. તેમના અવસાનને ડાંગ જિલ્લા ભાજપા માટે મોટી ખોટ ગણાવવામાં આવી રહી છે. સ્વર્ગસ્થ બાબુરાવભાઈ ઝેડ. ચોર્યાની અંતિમવિધિ આવતીકાલે, તા. 04/08/2026ના રોજ સવારે 10:00 કલાકે ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં તેમના વતન ટોકરદહાડ ગામે સ્થિત નિવાસસ્થાનેથી કરવામાં આવશે. પરમાત્મા સદગત આત્માને ચિરશાંતિ અર્પે તથા શોકસંતપ્ત પરિવારજનોને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના ડાંગવાસીઓએ કરી હતી.

ડુંગરા પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલો આરોપી મધ્યસ્થ જેલ મોકલાયો

વાપી : સુરત પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ વલસાડ જિલ્લામાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થનું સંગ્રહ, વેચાણ કે હેરાફેરી કરતા ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહીની સૂચના આપી હતી. જેમાં ડુંગરા પોલસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળના નોંધાયેલા બે ગુનાઓમાં પકડાયેલા ચંદન ઉર્ફે સોનુ કાશીપ્રસાદ સોની (ઉ.26, રહે. ડુંગરા કોલોની રોડ, વાપી) વિરૂદ્ધ પીટ એનડીપીએસ હેઠળ ગેરકાનુની પ્રવૃત્તિ ઉપર સંપૂર્ણ રોક લગાવવા અટકાયત અંગેની દરખાસ્ત તૈયાર કરી હતી અને ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝને મોકલી હતી જે બાદ Habitual Offender ચંદન ઉર્ફે સોનુ કાશીપ્રસાદ સોનીને અટકાયતમાં લઈ અમદાવાદ મધ્યસ્થ જેલ મોકલી આપવામાં આવ્યો હતો.

ઘડોઈની શાળા પાસે એકસાથે ત્રણ દીપડા દેખાતા દહેશત

વનવિભાગે પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરી

વલસાડઃ વલસાડના ઘડોઈ ગામે આવેલી ગુજરાતી શાળાની પાછળની વાડીમાં વિતેલી સાંજે એકસાથે ત્રણ દીપડા દેખાતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર અને ભયનો માહોલ સર્જાયો છે.

વાડીમાંથી એકસાથે ત્રણ દીપડા નજરે પડતાં સ્થાનિકોમાં ફાળ પડી હતી. આ દ્રશ્ય જોઈને ત્યાં હાજર યુવકે પોતાના મોબાઈલ કેમેરામાં દીપડાનો વિડીયો કેપ્ચર કરી લીધો હતો. આ વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ ઘડોઈ ગામ સહિત આસપાસના વિસ્તારોમાં ભય ફેલાયો છે. સ્થાનિક રહીશોએ આ અંગે તુરંત જ વનવિભાગને જાણ કરી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અધિકારીઓએ વાડી વિસ્તારની મુલાકાત લઈ દીપડાના પગચિહ્નો (પગલાં) ચકાસીને આસપાસના વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું.

ગ્રામજનોની સલામતીને ધ્યાનમાં રાખીને વનવિભાગે દીપડાઓને સલામત રીતે પાંજરે પૂરવા માટે યોગ્ય સ્થળે પાંજરું મૂકવાની તજવીજ હાથ ધરી છે. શાળા નજીક જ દીપડાઓનો અડ્ડો જોવા મળતાં ખાસ કરીને બાળકો અને મહિલાઓમાં ભય વ્યાપી ગયો છે. વનવિભાગ દ્વારા સ્થાનિક લોકોને રાત્રિના સમયે એકલા ન નીકળવા તેમજ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

પારડીના પૂરગ્રસ્તોને સહાય માટે કોંગ્રેસનું રાજ્યપાલને આવેદનપત્ર

પૂરગ્રસ્ત વિસ્તારોમાં સરવેની કામગીરી ચાલી રહી છે નિયમોનુસાર વળતર ચૂકવાશે : પ્રાંત અધિકારી

અમૃત પટેલ

પારડી : પારડી તાલુકામાં પડેલા અતિભારે વરસાદ અને પૂરના કારણે ખેડૂતો અને વેપારીઓને આર્થિક નુકસાન થયું છે. આ પૂરપીડિતોને વળતર અને સહાય મળે તે માટે પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારી નીરવ પટેલ મારફતે રાજ્યપાલને સંબોધીને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ વસંત પટેલની રાહબરી હેઠળ તાલુકા પ્રમુખ સતિષ પટેલ, શહેર પ્રમુખ કપિલ હળપતિ, મુકેશ પટેલ, રામુ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસ પક્ષ દ્વારા રજૂ કરાયેલી મુખ્ય માંગણીઓમાં ડાંગરના પાક અને ખેતરોને થયેલા નુકસાનનું યોગ્ય સર્વે કરી વળતર આપવું, પશુઓના મૃત્યુ અને મકાનોની ક્ષતિ અંગે તાત્કાલિક સહાય ચૂકવવી, પૂરથી પ્રભાવિત વેપારીઓ માટે ઓછા વ્યાજની લોન અને આર્થિક સહાય કરવી, ગુમ થયેલા મૂળ દસ્તાવેજોના બદલે પ્રમાણપત્રો આપવા તથા પૂરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સુરક્ષા અને વીજ જોડાણો પૂર્વવત કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

રજૂઆત સાંભળ્યા બાદ પ્રાંત અધિકારી નિરવ પટેલે જણાવ્યું હતું કે, પૂરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી ચાલી રહી છે અને નિયમોનુસાર વળતર ચૂકવાશે. દસ્તાવેજો ગુમ થયા હોય તો જૂના પુરાવાઓ આધારે બેંક એકાઉન્ટ ચાલુ રખાશે તેમજ તલાટીઓ દ્વારા જરૂરી દાખલા ઝડપથી પૂરા પાડવામાં આવશે. કોંગ્રેસ આગેવાનોએ અંબાચ, પરીયા અને નદી કાંઠાના વિસ્તારોમાં ૪ ફૂટ સુધી પાણી ભરાયા હોવાનું જણાવી માત્ર કેશડોલ સહાય અપૂરતી હોવાનું અને પૂરતું વળતર આપવાની માંગ કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ગુજસીટોક અંતર્ગત બે બુટલેગર પકડાયા

વલસાડ/વાપી : વલસાડ અને વાપી પંથકમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલી તેમજ મહારાષ્ટ્ર રાજ્યમાંથી મોટા પાયે ભારતીય બનાવટના વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતી સંગઠિત ગુના આચરતી ટોળકી (ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સિન્ડિકેટ) સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. સુરત રેન્જ પોલીસ મહાનિરિક્ષક પ્રેમવીર સિંહની સૂચના અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમે પારડી પોલીસ સ્ટેશનમાં 'ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ' (ગુજસીટોક)-૨૦૧૫ ની કલમ હેઠળ ૬ સભ્યો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ ગુનાની તપાસ વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન.દવે ચલાવી રહ્યા છે. આ ટોળકીના સભ્યો વિરુદ્ધ રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં મારામારી, ધાકધમકી, ખોટા દસ્તાવેજો બનાવવા અને ગેરકાયદે વિદેશી દારૂ સપ્લાય કરવાના અગાઉ અનેક ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ ધરપકડ અને પાસા જેવી કાર્યવાહી થવા છતાં જામીન પર છૂટ્યા બાદ પણ આ આરોપીઓ પોતાની ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ રાખતા હતા. વલસાડ પોલીસે આ સંગઠિત ટોળકીના ૬ સભ્યો પૈકી મુખ્ય સૂત્રધાર નિલેશ ઉર્ફે નિલ્યો ઘોડો બિરેન્દ્રસિંહ ઠાકુર (રહે. ઓરવાડ) અને સાગરિત કિરણ ઉર્ફે છનિયો પટેલ (રહે. ભેંસરોલ) ની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસે આર્થિક વ્યવહારો તેમજ નકલી નંબર પ્લેટ અને વાહનો પૂરા પાડનારા અન્ય સહાયકોની સંડોવણી અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

ધરમપુરમાં એક્ટિવામાં સાપ ઘૂસી જતા મચી દોડધામ

ધરમપુર : ધરમપુર સરકારી હોસ્પિટલ નજીક સોમવારે એક હોન્ડા એક્ટિવામાં સાપ ઘૂસી જતાં અફરાતફરી સર્જાઈ હતી. વાંકલ ગામની વિદ્યાર્થીનિ વૈષ્ણવી પટેલ પોતાની એક્ટિવા લઈને અહીં આવી હતી, ત્યારે વાહનમાં સાપ દેખાતા તે ગભરાઈ ગઈ હતી. આસપાસના લોકો એકત્ર થઈ જતા કાયદો અને વ્યવસ્થા જળવવા 112 પોલીસ ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. સાપ વાહનમાં ઊંડે સુધી છુપાઈ ગયો હોવાથી બે કલાક સુધી ભારે મુશ્કેલી પડી હતી. અંતે ભાજપના તાલુકા મહામંત્રીએ સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કરી સાપને કોઈ નુકસાન પહોંચાડ્યા વગર સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો અને માનવ વસાહતથી દૂર છોડ્યો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

વાપી રાતા ખાડીના ચેકડેમમાં તણાઈ ગયેલા યુવકની ભાળ મળી નહીં

વાપી : વાપી નજીકના રાતા ગામમાંથી પસાર થતી કોલક ખાડી કિનારે વાપીના ચાર મિત્રો ભેગા મળી નાહવા માટે આવ્યા હતાં. જેમાં છીરી સાંઈ સબમરીન રેસીડન્સીમાં રહેતો દિપક અનિલભાઈ પાંડે (ઉ.28) પાણીમાં નાહવા માટે ગયા ત્યારે પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. આ દ્રશ્ય જોઈ અન્ય ત્રણ મિત્રો બહાર આવી ગયા હતા અને આસપાસના લોકોને જાણ કરી હતી. બનાવ સ્થળે સ્થાનિક તરવૈયા સહિત વાપી મહાનગરપાલિકા અને વાપી નોટીફાઈડની ફાયર ફાઈટરોની ટીમ પહોંચી ગઈ હતી અને શોધખોળ હાથ ધરી હતી. જો કે, તણાઈ ગયેલ યુવકની ભાળ મળી ન હતી. જે બાદ બીજા દિવસે પણ ટીમ દ્વારા શોધખોળ હાથ ધરી હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી યુવકની કોઈ ભાળ મળી નથી.

ડાંગ જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનોની સર્વાનુમતે વરણી કરાઈ

ગામડાઓના સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાની વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયતમાં વિવિધ સ્થાયી સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી થયા બાદ આજરોજ તમામ નવ નિયુક્ત ચેરમેનોએ વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ ગામીતનાં અધ્યક્ષસ્થાને યોજાયેલી સામાન્ય સભામાં વિવિધ સ્થાયી સમિતિનાં સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ આજે વિવિધ સમિતિનાં ચેરમેનોને વિધિવત પદભાર સોંપવામાં આવ્યો હતો.

જેમાં (1)જાહેર બાંધકામ સમિતિનાં ચેરમેન તરીકે ચંદ્રકલા ગાવીત, (2) ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિનાં ચેરમેન જીતેન્દ્ર પવાર, (3) શિક્ષણ સમિતિનાં ચેરમેન શંકર પવાર, (4) કારોબારી સમિતિનાં ચેરમેન યોગીતા પવાર, (5) સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન સુંદર ચૌધરી, (6) જાહેર આરોગ્ય સમિતિનાં ચેરમેન દિનેશ હિલીમ તથા (7) મહિલા અને બાળ વિકાસ સમિતિનાં ચેરમેન તરીકે કમળાબેન રાઉતની વરણી કરવામાં આવી હતી. જ્યારે જિલ્લા પંચાયતની મહત્વપૂર્ણ અપીલ સમિતિનો કાર્યભાર જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ ગામીતે પોતાની પાસે જ રાખ્યો છે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ ગામીત, ઉપપ્રમુખ ઉષા પટેલ, ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોર ગાવીત, સંગઠન મહામંત્રી બુધુ કામડી સહિત જિલ્લાના આગેવાનો, જિલ્લા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાનાપોંઢામાં વલસાડ જિલ્લા કક્ષા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

વલસાડ : વલસાડ જિલ્લા કક્ષા (૧૫ મી ઓગસ્ટ) સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નવરચિત નાનાપોંઢા હેલીપેડ ગ્રાઉન્ડ નાનાપોંઢા-કપરાડા રોડ ખાતે કરવામાં આવશે. જેની તૈયારીના ભાગરૂપે કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. આદિજાતિ વિકાસ અને વલસાડ જિલ્લા પ્રભારીમંત્રી નરેશ પટેલના હસ્તે ધ્વજવંદન થશે. કાર્યક્રમ અંગે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વિવિધ વિભાગો સાથે થતી કામગીરીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પોલીસ પરેડ, વિવિધ દેશભક્તિના સાંસ્કતિક કાર્યક્રમો થશે. જેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

વરસાદે થોડો વિરામ લેતાં નવસારીમાં ઉકળાટ વધ્યો

નવસારી: છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદ બાદ સોમવારે નવસારી જિલ્લામાં મેઘરાજાએ થોડો વિરામ લીધો હતો. વરસાદમાં ઘટાડો થતાં તાપમાનમાં સામાન્ય વધારો નોંધાયો હતો, જ્યારે હવામાં ભેજનું પ્રમાણ અત્યંત ઊંચું રહેતાં દિવસભર ઉકળાટભર્યું વાતાવરણ છવાયેલું રહ્યું હતુ. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગના આંકડા મુજબ મહત્તમ તાપમાન **31 ડિગ્રી સેલ્સિયસ** અને લઘુત્તમ તાપમાન **27.5 ડિગ્રી સેલ્સિયસ** નોંધાયું હતું. સવારના સમયે સાપેક્ષ ભેજ **96 ટકા** અને સાંજના સમયે **90 ટકા** નોંધાતા લોકો ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવથી અકળાઈ ઊઠ્યા હતા. વરસાદમાં હાલ ઘટાડો જોવા મળ્યો હોવા છતાં આગામી દિવસોમાં ઝાપટાંની સંભાવના હવામાન નિષ્ણાતો માની રહ્યા છે.

વાપીમાં ૪૨ કિલો ગાંજાના જથ્થા સાથે એક ઝડપાયો, ચાર ફરાર

ઓરિસ્સાથી ટ્રેન મારફતે લવાયેલો ૩.૨૧ લાખથી વધુની કિંમતનો માદક પદાર્થ જપ્ત

વાપી : સુરત રેન્જ આઈજી અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચનાથી વલસાડ એસઓજી (SOG) ટીમે વાપીમાં જૂના ફાટક પાસે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૨૧,૦૯,૦૦૦ ની કિંમતનો ૪૨.૧૮૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે.

સ્થળ પરથી અગાઉ એનડીપીએસ (NDPS) ના ગુનામાં સંકળાયેલા આરોપી સંજય ઉર્ફે મારવાડી પ્રકાશ પરમાર (રહે. સેલવાસ) ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે તેના અન્ય ચાર સાગરીતો બેગ છોડીને ભાગી જવામાં સફળ રહ્યા હતા. પુછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, સેલવાસના પીપરીયા ખાતે રહેતા ભરત નામના શખ્સના કહેવાથી આ જથ્થો લાવવામાં આવ્યો હતો. સંજય તેના ચાર મિત્રો સાથે ટ્રેન મારફતે ઓરિસ્સાના બલનગીર પહોંચ્યો હતો, જ્યાં 'દાદા' નામના સપ્લાયર પાસેથી આ ગાંજો મેળવીને તેઓ વાપી પરત આવ્યા હતા. આ મામલે વાપી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઓરિસ્સાથી ટ્રેનમાં જથ્થો લઈને આવેલાં પાંચ મિત્રો

પકડાયેલ ઈસમ સંજય પરમારની વધુ પુછતાછ કરતા આ ગાંજાનું છૂટકમાં વેચાણ સેલવાસ-પીપરીયામાં રહેતા ભરત કરતા અને તેણે ગાંજાનો મોટો જથ્થો ઓરીસ્સાથી ખેપ મારી લાવવા જણાવતો હતો. જે બાદ મિત્રો (1) મનોજ (2) ગજોધર ઉર્ફે રાહુલ (3) પ્રદિપ (4) સોનુ પાલ (તમામ રહે. પીપરીયા, સેલવાસ) સાથે ભેગા મળી વાપી રેલવે સ્ટેશનથી ટ્રેનમાં બેસી સુરત અને ત્યાંથી સીધા ઓરિસ્સા પહોંચ્યા હતા અને ગાંજાનો જથ્થો સપ્લાય કરનાર દાદા (રહે.બલનગીર, ઓરીસ્સા) સાથે સંપર્ક કરી 42 કિલો ગાંજાનો જથ્થો ભરેલી બેગ લઈ ટ્રેન મારફત મહારાષ્ટ્ર અને ત્યાંથી પાંચેય ભેગા મળી વાપી રેલવે સ્ટેશન મોડી રાત્રીના પહોંચ્યા હતાં.